# સતીષનું ગળું કાપી તેના જ અડ્ડા પર લઈ જવાના હતા

**ભાગળની** દુકાને થી ચપ્પુ, કોઈતા અને કુહાડીની ખરીદી કરી હતી

**બે** મહિના પહેલા જુનાગઢ થી પણ અન્ય હથિયારો ખરીદયા હતા

**આરોપીઓના** પાંચ દિવસના રિમાન્ડ મંજૂર



સુરતઃ સતીષ ઘાડગેની હત્યા કેસમાં પકડાયેલા આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોને પોલીસે કોર્ટમાં રજૂ કરી સાત દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી. સુનાવણી દરમિયાન સરકાર પક્ષે એ.પી.પી. મેહુલ એન. દેસાઈએ કરેલી દલીલોને ધ્યાને લઈ અદાલતે આરોપીઓના પાંચ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. આ કેસમાં પિસ્તલ અને તમંચો સપ્લાઇ કરનારને વધુ એક આરોપી પકડાયો છે.

ગત તા. ૫ ઓગસ્ટના રોજ સાંજના સમયે સરસ્વતી આવાસ નજીક ખુલ્લી જગ્યામાં જૂની અદાવતનો ખાર રાખી આરોપીઓએ સતીષ ઘાડગે પર બંદૂકથી ફાયરિંગ કર્યા બાદ કુહાડી, કોયતા અને ચપ્પુ જેવા જીવલેણ હથિયારો વડે હુમલો કરી તેની હત્યા કરી હતી. બનાવ અંગે ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં પોલીસે કેતન ઉર્ફે સન્ની સીરસાઠ, રાહુલ ઉર્ફે બટકો દુબે, કરણ ઉર્ફે પુદુલ દુબે, અજીત ઉર્ફે જસ્ટીન ગોસ્વામી, આકાશ ઠાકુર સહિતના આરોપીઓની ધરપકડ કરી છે. આ ઉપરાંત કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોને પણ પોલીસ દ્વારા કાર્યવાહી હેઠળ લેવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી દેશી પિસ્તોલ, તમંચો, મોપેડ તથા મોબાઈલ ફોન કબજે કર્યા છે. જોકે હત્યામાં વપરાયેલા અન્ય ઘાતક હથિયારો, આરોપીઓએ બનાવ સમયે પહેરેલા કપડાં તેમજ અન્ય મોબાઈલ ક્યાં સંતાડ્યા છે તે અંગેની તપાસ હજુ બાકી હોવાનું સરકાર પક્ષે જણાવ્યું હતું. તપાસ દરમિયાન ભાગળની એક દુકાન માંથી ચપ્પુ, કોઈતા અને કુહાડી ખરીદ્યા હતા.તે કઈ દુકાનથી કઈ રીતે ખરીદ્યા તેની તપાસ કરવાની હોવાથી પોલીસ કસ્ટડીને જરૂર છે. સરકારી વકીલે વધુમાં દલીલ કરી હતી કે આરોપીઓએ આશરે ત્રણ મહિના અગાઉ પણ સતીષ ઘાડગેની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હોવાની હકીકત સામે આવી છે.

## એક ગયા અભી ચાર બાકી હૈ : સૂર્યા મરાઠીના સમર્થકોના વિડીયો ફરતા થયા

ગત ગુરુવારે સતીષની અંતિમયાત્રા તેના નિવાસસ્થાનેથી નીકળી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, પરિવાર અને મિત્રવર્તુળ ઉપરાંત ગેંગ સાથે સંકળાયેલા કેટલાક અન્ય ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓ પણ અંતિમયાત્રામાં જોડાયા હતા. દરમિયાન સતીષની હત્યાનો બદલો લેવામાં આવશે અને આગામી દિવસોમાં વધુ બે-ત્રણ હત્યા થઈ શકે તેવી ચર્ચાઓ પણ ચાલી હોવાનું જાણવા મળે છે. સાથે સાથે સૂર્યા મરાઠાના સમર્થકો ગણો કે ગેંગના સભ્યોએ વેડ રોડ વિસ્તારમાં ફટાકડા ફોડી ઉજવણી કરી હતી અને અભી એક ગયા અભી ચાર બાકી હૈ જલદ હી ઉનકી ગેમ હોગી બોલતા હોવાની વિડીયો બનાવી સોશ્યલ મીડિયા પર વાયરલ કર્યો હતો.આ ચર્ચાઓ અને વિડીયો જોતા શહેરમાં ગેંગવોર વધુ વકરે અને અન્ય કોઈ નિર્દોષ વ્યક્તિ તેનો ભોગ બને તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

### બદલો લેવાની વાતો કરનારા મિત્રો ફરિયાદમાં મદદ કરવાથી ખચકાયા

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, સતીષની હત્યા બાદ તેના કેટલાક અંગત મિત્રો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મૃતદેહ જોઈ કેટલાક મિત્રો કેમેરા સામે ધ્રુસકે-ધ્રુસકે રડતા હતા, તો કેટલાકે હત્યાનો બદલો લેવાની વાતો પણ કરી હતી. જોકે, પોલીસે તેમને સાક્ષી બનવા કે પંચ તરીકે જોડાવા કહેતા કેટલાક ત્યાંથી નીકળી ગયા હતા અને કેટલાકે પોતાનું નામ ક્યાંય ન આવે તેવી વિનંતી કરી હતી. એક વ્યક્તિએ તો પોતે સતીષનો ખાસ મિત્ર હોવાનું જણાવી અંત સુધી પોલીસ સાથે રહેવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ ફરિયાદ તેની સામે લખી હોવાના સાક્ષીમાં સહી કરવાની વાત આવતા તેણે પણ પોતાનું નામ ન લખવા પોલીસને વિનંતી કરી હતી. અંતે પોલીસે ભારે જહેમત બાદ સમગ્ર ઘટનામાં જરૂરી સાક્ષીઓ, પંચો અને ફરિયાદની કાર્યવાહી મજબૂત રીતે પૂર્ણ કરી હતી.

### ગોડાદરા બ્રિજ નીચેના હુમલાની નિષ્ફળતા બાદ ‘આર.કે.’ની એન્ટ્રી

ગોડાદરા બ્રિજ નીચે થયેલા હુમલાના કેસમાં પોલીસ તપાસમાં વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે. શરૂઆતમાં હુમલાના પ્લાનમાં મોટાભાગે કિશોરો સામેલ હતા. પ્લાન નિષ્ફળ જતા સની અને રાહુલ બટકો જેલમાં બંધ રાહુલ મંડલને મળવા ગયા હતા. ત્યાં રાહુલ મંડલે રાહુલ ઉર્ફે આર.કે.ને આ ગેમમાં સામેલ કરવાની સલાહ આપી હતી.
ત્યારબાદ આર.કે.નો સંપર્ક કરતા તેણે કોઈતા, ચપ્પુ અને કુહાડી ખરીદવાની સૂચના આપી હતી. સાથે જ પિસ્તલ અને તમંચાની પણ વ્યવસ્થા કરી આપ્યાનું તપાસમાં બહાર આવ્યું છે. સતીષની હત્યાની ઘટના બાદ બાટલી બોય ન્યૂ આવાસમાં રહેતા રાહુલ ઉર્ફે આર.કે. બબ્બન કપૂરનું નામ બહાર આવતા પાંડેસરા પોલીસે તેની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ અગાઉ હત્યાની કોશિશ સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.

## ભેસ્તાનની ગેંગવોરના આરોપીઓને અલગ અલગ જેલમાં મોકલો

**આરોપીઓ** એક જ જેલમાં ભેગા થવાથી ગેંગવોર ફાટી નીકળવાની શક્યતા, જેલ પ્રશાસન દ્વારા કોર્ટમાં અરજી

### રિમાન્ડના કારણો

- કાવતરું ક્યાં અને કેવી રીતે ઘડાયું તેની તપાસ જરૂરી
- હથિયારોની ખરીદી-છુપાવવાના સ્થળો?
- નાણાકીય મદદ, લોકેશન આપનાર ને શોધવાની બાકી છે?
- ફરાર આરોપી ‘રીંકુ’ ની તપાસ હાથ ધરવાની બાકી છે
- રાહુલ સોહમ મંડલની સીધી દોરવણીની તપાસ કરવાની છે
- હથિયારો અને મોબાઈલની શોધખોળ બાકી છે

સુરતઃ ભેસ્તાન પોલીસ સ્ટેશનની હદમાં થયેલી ગેંગવોરમાં સતીષ મરાઠાની થયેલી ઘાતકી હત્યા કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓને અલગ અલગ જેલમાં રાખવા માટે લાજપોર જેલ પ્રશાસને કોર્ટમાં અરજી કરી હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ કેસમાં પકડાયેલાં આરોપીઓ પોલીસ રિમાન્ડ પર છે. આ ગેન્ગના અલગ અલગ આરોપીઓ એક જ જેલમાં એકઠાં થતાં હોય જેલમાં ગેંગવોરની શક્યતાને કારણે લાજપોર જેલનાં જેલરે કોર્ટમાં અરજ ગુજારી છે. આ ઘાતકી હત્યા કેસમાં પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ મર્ડર પ્લાન લાજપોર સબજેલમાંથી ઘડવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી 2026માં ગણેશ ખુટીયા પર હુમલો કરનાર આરોપીઓનો સંપર્ક ગુજસીટોકના ગુનામાં જેલમાં બંધ રાહુલ સોમન મંડલે સાથે થયો હતો. રાહુલ જેલમાંથી સતીશ મરાઠાનું કામ તમામ કરવા માટે સગવડો પુરી પાડી હોવાનું કહેવાય છે.

### સતીષની લાખોમાં સોપારી અપાઈ હોવાની દિશામાં તપાસ

રાહુલ મંડલને ગુજસીટોકમાં જામીન મળી ગયા હોવા છતાં જેલમાં બેસી કાવતરું ઘડ્યું હોવાનું બહાર આવ્યું છે.રાહુલ સતત ઘણા સમયથી રાહુલ બટકો અને કેતન ઉર્ફે સન્ની સાથે જેલ માંથી ફોન મારફતે સંપર્કમાં હતો.બંને પકડાયેલા આરોપીઓને અત્યાર સુધી ત્રણથી ચાર લાખ અન્યોના બેંક ખાતા મારફતે અને રોકડ રૂપે પણ મદદ કરી હોવાનું બહાર આવ્યું છે. આરોપીઓને રાહુલ સહિત અન્ય જેલમાં બેઠેલા લોકોએ સોપારી આપી હોવાની શંકા આધારે પોલીસ જેલ માંથી ચાલતા નેટવર્કની તપાસ શરૂ કરી છે.

### ‘રીંકુ’ નામના આરોપીની શોધખોળ બાકી

આ કેસમાં ‘રીંકુ’ નામના અન્ય એક આરોપીની સંડોવણી સામે આવી છે, જેને ઝડપી પાડવાનો બાકી છે. પકડાયેલા આરોપીઓની હાજરીમાં તેની ભૂમિકા અંગે પૂછપરછ તથા સમગ્ર ગુનાક્રમની કડીઓ જોડવા માટે પોલીસ કસ્ટડી જરૂરી હોવાનું સરકાર પક્ષે કોર્ટ સમક્ષ ભારપૂર્વક રજૂ કર્યું હતું.

### મહિલા મિત્રને મળવા મહાવીર કોલેજ આવતો હોવાની બાતમી સતીષને ઘેરી લેવાયો

સતીષ ઘાડગેની હત્યાના આરોપીઓના રિમાન્ડ દરમિયાન પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સતીષ કોલેજ શરૂ થયા બાદ પોતાની મહિલા મિત્રને મળવા મહાવીર કોલેજ આવતો હોવાની બાતમી આરોપીઓને મળી હતી. ત્યારબાદ આરોપીઓએ તેની રેકી શરૂ કરી હતી અને કોલેજ છૂટવાના સમયે સતીષ મહિલા મિત્રને મળવા આવતો હોવાનું જાણવા મળ્યું હતું.આરોપીઓએ આશરે ૧૫ દિવસ અગાઉ જ સતીષ પર હુમલો કરવાની યોજના બનાવી હતી. હત્યાના દિવસે મહાવીર કોલેજથી સતીષની રેકી શરૂ કરી આરોપીઓ તેનો પીછો કરતા ભેસ્તાન સુધી પહોંચ્યા હતા. ભેસ્તાનમાં સતીષે ગાડી ઊભી રાખતા આરોપીઓએ તેને ઘેરી તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરી હત્યા કરી નાખી હતી અને કડોદરામાં જઈ એક મિત્રના ઘરે કપડાં બદલી મહારાષ્ટ્ર તરફ ભાગી છૂટ્યા હોવાનું રિમાન્ડ દરમિયાન સામે આવ્યું છે.

### બહેનનો પ્રેમ સુખની છાંયડો, ભાઈનું રક્ષણ સાચો સહારો



■ આગામી તા.28મીએ ભાઈ-બહેનના પવિત્ર સંબંધ સમાન રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવશે. ભાઈના કાંડે બાંધવા માટે બહેનો બજારમાંથી રાખડીની ખરીદી કરી રહી છે. (તસવીરઃ સતીષ)

## મની મ્યુલને પકડવા સુરત પોલીસે 1800 કિમી દૂર ભીંડા-તરોપા વેચ્યા

**ઝારખંડમાંથી** પકડાયેલા બંને આરોપીના બેંક ખાતામાં રૂ. 65 લાખથી વધુના શંકાસ્પદ વ્યવહારો

સુરતઃ સુરતથી આશરે 1,800 કિમી દૂર ઝારખંડના ગિરિડીહ જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ચાર દિવસ સુધી સઘન ઓપરેશન હાથ ધરી બે ‘મની મ્યુલ’ને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસને શંકા ન જાય તે માટે અધિકારીઓએ ભીંડા અને નારિયેળ પાણી વેચનારનો વેશ ધારણ કરી આરોપીઓની શોધખોળ કરી હતી. સ્થાનિક બે પોલીસ સ્ટેશનની મદદથી 29 વર્ષીય રૂપલાલ કન્હૈયાલાલ મંડલ અને 31 વર્ષીય મુકેશ કુમાર મંડલને ઝડપી પાડવામાં આવ્યા હતા. નવેમ્બર મહિનામાં અરજદારના ICICI બેંક ખાતામાંથી તેમની જાણ બહાર અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ.10,65,375.98 ઉપાડી લેવામાં આવ્યા હતા.

ઝડપાયેલા આરોપી રૂપલાલ મંડલે પોતાના નામે બે બેંક ખાતાં ખોલાવ્યાં હતાં. ખાતામાં આવતી ફ્રોડની રકમ રોકડમાં ઉપાડી આપવાના બદલામાં રૂપલાલને 3 ટકા કમિશન મળતું હતું. આ રીતે તેણે આશરે રૂ.1.52 લાખ કમિશન મેળવ્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. બીજો આરોપી મુકેશ કુમાર મંડલ ફેસબુકના માધ્યમથી સાયબર ઠગોના મુખ્ય સૂત્રધારોના સંપર્કમાં આવ્યો હતો. તે ખાતાધારકો પાસેથી ફ્રોડની રકમ ઉપડાવી મુખ્ય આરોપીઓ સુધી પહોંચાડતો હતો. કુલ રકમના 7 ટકા કમિશનમાં ખાતાધારકને 3 ટકા આપીને બાકીના 4 ટકા પોતે રાખતો હતો. પોલીસે બંને આરોપીઓના બેંકના ખાતાઓની તપાસ કરતાં રૂ.65 લાખથી વધુના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો મળ્યા છે.

## મોદીનાફોટોપરઆપત્તિજનકલખાણ લખનાર કોંગ્રેસના બે સામે ફરિયાદ

**પોસ્ટર** વાયરલ કરનાર કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલના પુત્ર સોહેલ સાયકલવાલા સહિતના કાર્યકરો સામે ફરિયાદ

સુરતઃ પીએમ મોદીના મોદીના ફોટોગ્રાફ્સ પર અત્યંત આપત્તિજનક તેમજ ભડકાઉ લખાણવાળા પોસ્ટરો ચોંટાડી સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરનાર કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલના પુત્ર સોહેલ સાયકલવાલા તથા અન્ય કોંગ્રેસી કાર્યકરો સામે મહિધરપુરા પોલીસ મથકે ભાજપના પૂર્વ વોર્ડ પ્રમુખ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ભાજપના પૂર્વ વોર્ડ પ્રમુખ અને કાપડ વેપારી મુકેશ હરીલાલ મહાત્માએ ફરિયાદમાં જણાવ્યું છે કે, વાઈરલ થયેલા વીડિયોમાં કેટલાક ઈસમો વડાપ્રધાનના ફોટોગ્રાફ્સ પર ‘SANGHI BOOMERS ને GENG કો માર દિ’, ‘મોદીને મરવા દિયા’ જેવા વિવાદિત લખાણ તેમજ AK-47 જેવા હથિયારના ચિત્રો અને ‘CHHATRON KA KHOON MODI KE HAATH’ લખેલા ભડકાઉ પોસ્ટરો ચોંટાડી રહ્યા હતા. આ કૃત્ય કરનારાઓમાં કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલનો પુત્ર સોહેલ અસલમ સાયકલવાલા (રહે. અલનૂર પાર્ક, ઉધના) અને કોંગ્રેસ કાર્યકર મેહુલ અભેચંદભાઈ દેસાઈ (રહે. સાઈ આશિષ સોસાયટી, પરવટ પાટિયા) તથા અન્ય ત્રણ અજાણ્યા કાર્યકરો સામેલ હતા. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## સુરતમાં જજોની બદલી, નવી વધુ 6 કોર્ટ બનાવાઈ

સુરતઃ હાઈકોર્ટ દ્વારા રાજ્યભરના સિવિલ જજ કેડરના ન્યાયિક અધિકારીઓની બદલી, બઢતી અને નવી નિમણૂકોનો મહત્વપૂર્ણ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં સુરતમાંથી પણ અનેક જજોની અન્ય જિલ્લામાં તેમજ આંતરિક બદલીઓ કરાઈ હતી.

### કોની ક્યાં ક્યાં બદલી થઇ

» મુકુન્દરાય કાંતિલાલ ઉપાધ્યાયઃ અમદાવાદ (રૂરલ)ના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજમાંથી સુરતના પ્રિન્સિપાલ જજ (ફેમિલી કોર્ટ) તરીકે નિમણૂક. » વિનોદ વાલજીભાઈ પરમારઃ સુરતના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજમાંથી બદલી કરીને અમદાવાદ સિટી સિવિલ કોર્ટના એડિશનલ પ્રિન્સિપલ જજ બનાવાયા. » જગદીશકુમાર મૂળરાજભાઈ બ્રહ્મભટ્ટઃ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજમાંથી બઢતી આપી વલસાડના પ્રિન્સિપલ જજ (ફેમિલી કોર્ટ) તરીકે મુકાયા. » સનત જયંતિલાલ પંચાલઃ સુરતના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજમાંથી પ્રમોશન આપી ૧૮મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ (સુરત) બનાવાયા. » નિલેશકુમાર નાનજીભાઈ પાઠરઃ એડિશનલ સિનિયર સિવિલ જજમાંથી બઢતી આપી એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ (સુરત) તરીકે નિમણૂક. » દીપક જેઠાભાઈ પરમારઃ એડિશનલ સિનિયર સિવિલ જજમાંથી એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે પ્રમોશન. » જૈનુલાબેદીન અબ્દુલકરીમ બક્ષીઃ સિનિયર સિવિલ જજમાંથી બઢતી મેળવી ૨૧મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ (સુરત). » દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલઃ એડિશનલ સિનિયર સિવિલ જજમાંથી ૨૨મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ (સુરત) તરીકે બઢતી.

### કોની કોની આંતરિક બદલીઓ થઇ

● દેવાંગ રવિરાય જોશીઃ સુરત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (DLSA)ના પૂર્ણકાલીન સચિવ પદેથી બદલી કરીને તેમને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ (સુરત) બનાવાયા. ● રાકેશ લલિતભાઈ ગુપ્તાઃ JMFC (૧લી કોર્ટ, સુરત)માંથી બઢતી સાથે સુરત DLSAના પૂર્ણકાલીન સચિવ તરીકે નિમણૂક. ● ડો. મિહુલ ધીરુભાઈ વિરાણીઃ સુરતના એડિશનલ સિવિલ જજ અને JMFCમાંથી પ્રમોશન આપી ૧૯મા એડિશનલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (સુરત) બનાવવામાં આવ્યા. ● જિતેન્દ્ર જયરામભાઈ આહુજાઃ પલસાણાના પ્રિન્સિપાલ સિવિલ જજ અને JMFCમાંથી ૨૩મા એડિશનલ સિનિયર સિવિલ જજ (સુરત) તરીકે મુકાયા. ● પૂજા સુરાણાઃ સુરતના એડિશનલ સિવિલ જજ અને JMFCમાંથી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (પ્રથમ કોર્ટ, સુરત) તરીકે વિધિવત પોસ્ટીંગ. ● કનિષા વિકુલ પાઠકઃ ૭મા એડિશનલ સિવિલ જજમાંથી JMFC (બીજી કોર્ટ, સુરત). ● શગુન દીપક રાજઃ ૮મા એડિશનલ સિવિલ જજમાંથી JMFC (ત્રીજી કોર્ટ, સુરત). ● મયુર સુભાષભાઈ ગેલોડઃ ૧૩મા એડિશનલ સિવિલ જજમાંથી JMFC (રેલવે, સુરત). ● મોહમ્મદ સરફરાઝ અબ્દુલકાદર શેખઃ પલસાણાના એડિશનલ સિવિલ જજમાંથી પ્રિન્સિપલ સિવિલ જજ અને JMFC (પલસાણા).

## સતત બીજા દિવસે સુરતમાંથી 68 કિલો એનાલોગ પનીર-ચીઝનો નાશ

**ફૂડ** વિભાગની ટીમો દ્વારા ૯ ઝોનમાં ૧૦૦ સંસ્થાઓ અને ડેરીઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

સુરત : સુરત મનપાના ફૂડ વિભાગે સતત બીજા દિવસે તમામ 9 ઝોનમાં દરોડા પાડી એનાલોગ પ્રોડક્ટ્સનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરતી અંદાજે 100 જેટલી વેપારી સંસ્થાઓ, ડેરીઓ અને ખાણી-પીણીના એકમોમાં ઘનિષ્ઠ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાંથી આશરે 68 કિલોગ્રામ જેટલો નકલી અને પ્રતિબંધિત જથ્થો જપ્ત કરી સ્થળ પર જ તેનો નાશ કરવામાં આવ્યો હતો.

સુરત શહેરમાં ખાણી-પીણીના શોખીનોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને સસ્તા ભાવે મળતા કૃત્રિમ અને મિલાવટી ખાદ્યપદાર્થોનો કાળો કારોબાર લાંબા સમયથી ચાલી રહ્યો છે. આ પૂર્વે પણ આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલા દરોડા દરમિયાન જાણીતી હોટલો, સ્ટ્રીટ ફૂડની લારીઓ અને પિઝા-ઢોંસા બનાવતા સેન્ટરોમાંથી દૂધ વગર કેમિકલ, પામ ઓઈલ (વેજિટેબલ ફેટ) અને સ્ટાર્ચના મિશ્રણથી બનેલું ‘એનાલોગ ચીઝ’ અને ‘એનાલોગ પનીર’ મોટા પ્રમાણમાં પકડાયું હતું.

**ક્યા ઝોનમાં કેટલી સંસ્થાઓ તપાસાઈ**

| ઝોન | સંસ્થા |
|---|---|
| સેન્ટ્રલ | 10 |
| રાંદેર | 10 |
| અઠવા | 15 |
| કતારગામ | 10 |
| વરાછા-એ | 10 |
| વરાછા-બી | 15 |
| ઉધના-એ | 13 |
| ઉધના-બી | 06 |
| લિંબાયત | 11 |

### કતારગામના આરોપીનું મોત ફેફસાની બીમારીથી થયું હતું, પીએમ થયું

સુરતઃ કતારગામના આરોપી નરેશ પરમારનું મોત ફેફસાની બીમારીથી થયું હતું. નવી સિવિલમાં થયેલા પીએમમાં આ પ્રાથમિક વિગતો બહાર આવી હતી. ફોરેન્સિક વિભાગના વડા ડો. ચંદ્રેશ ટેલરે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં મૃતકને ફેફસાંની બીમારી હોવાનું જણાઈ રહ્યું છે. વિસેરાના સેમ્પલ લઈ વધુ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. મહત્વની વાત એ છે કે, રાત્રે 8 વાગ્યા સુધી મૃતકના પરિવારજનોએ મૃતદેહનો સ્વીકાર કર્યો ન હોવાનું જાણવા મળ્યું હતું.

## નવી સિવિલની સ્ટેમસેલ બિલ્ડીંગમાં ‘2D Echo’ સેવા શરૂ કરવામાં આવી



સુરત : દર્દીઓને વધુ સરળ અને એક જ સ્થળે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી નવી સિવિલ હોસ્પિટલના સ્ટેમસેલ બિલ્ડીંગ ખાતે અત્યાધુનિક ‘2D Echo’ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવી સુવિધાથી ખાસ કરીને ગાયનેક વિભાગના દર્દીઓને હવે તપાસ માટે કિડની બિલ્ડીંગ સુધી જવાની જરૂર રહેશે નહીં.

મેડિસિન વિભાગના વડા ડો. અશ્વિન વસાવાના માર્ગદર્શન હેઠળ સ્ટેમસેલ બિલ્ડીંગના પ્રથમ માળે દર સોમવાર, બુધવાર અને શનિવારે બપોરે 12થી 1 વાગ્યા સુધી ‘2D Echo’ સેવા ઉપલબ્ધ રહેશે.

દર્દીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને જરૂરી આરોગ્ય સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવાનો હોસ્પિટલ તંત્રનો પ્રયાસ છે.

સ્ટેમસેલ બિલ્ડીંગના નોડલ ઓફિસર તરીકે ડો. લક્ષ્મણ તેહલાણી દેખરેખ રાખશે. તબીબી અધિક્ષક ડો. પારૂલ વડગામાએ જણાવ્યું કે, આ નવી વ્યવસ્થાથી દર્દીઓનો સમય બચશે, અનાવશ્યક અવરજવર ઘટશે અને સારવાર પ્રક્રિયા વધુ સરળ બનશે.

## સુરત એરપોર્ટનો પોઈન્ટ ઓફ કોલમાં સમાવેશ કરો: ગોવિંદ ધોળકીયા

**કેન્દ્રીય** નાગરિક મંત્રીએ ટ્વીટર પર ગોવિંદ ધોળકિયા સાથે બેઠકનો ફોટો ટ્વીટ કર્યો

**ફ્રી ટ્રેડ** એગ્રીમેન્ટ ધરાવતા દેશો સાથે નિકાસ લક્ષી વેપાર વધારવા સુરતને કનેક્ટિવિટી આપવા રજૂઆત કરાઇ

સુરત : સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટનો પોઈન્ટ ઓફ કોલમાં સમાવેશ કરો કે જેથી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ આવે તો સુરતને કનેક્ટિવિટી અને સાથે સાથે કાર્ગોની પણ સુવિધા મળે તેવી રજૂઆત સુરતના રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકીયા દ્વારા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી કે. રામમોહન નાયડુને કરવામાં આવી હતી.

નાયડુએ ગુજરાત, હિમાચલ પ્રદેશ, કેરળ અને આંધ્રપ્રદેશમાં રાજ્યસભામાં સાંસદો સાથે એર કનેક્ટિવિટી અને ઓનગોઈંગ પ્રોજેક્ટ વિશે ઈનપુટ મેળવ્યા હતા. અને વન ટુ વન બેઠક યોજી હતી. જેમાં સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા સાથેની બેઠકનો ફોટોગ્રાફ ટ્વીટર X પર ખુદ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ પોસ્ટ કરી માહિતી રજૂ કરી હતી. બેઠક દરમિયાન ગોવિંદભાઈ ધોળકિયાએ રજૂઆત કરી હતી કે સુરતને વિદેશો સાથે સીધી હવાઈ કનેક્ટિવિટી આપવામાં આવે તો હીરા, જ્વેલરી, ટેક્સટાઈલ તેમજ અન્ય નિકાસલક્ષી ઉદ્યોગોને વૈશ્વિક બજારમાં વધુ વેગ મળશે. જ્યારે વિદેશી રોકાણ અને આંતરરાષ્ટ્રીય વેપારને પણ નવી દિશા મળશે.

## 15મી ઓગસ્ટે તિરંગા માટે સુરત મનપા 24 લાખની સ્ટિક ખરીદશે

**3 ફૂટની** 2.50 લાખ અને 5 ફૂટની 25 હજાર સ્ટીક ખરીદાશે, ત્રણ સપ્લાયરોને સરખા હિસ્સે કામ સોંપાશે

સુરત : આગામી 15 ઓગસ્ટે સ્વતંત્રતા દિવસની ઉજવણી અને ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા 2.75 લાખ ફલેગ સ્ટીક ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સેન્ટ્રલ સ્ટોર્સ વિભાગની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. આ ખરીદી પાછળ મનપા કુલ રૂપિયા 24 લાખ ખર્ચ કરશે.

હાલ મનપાના સેન્ટ્રલ સ્ટોરમાં 3 ફૂટની 31 હજાર અને 5 ફૂટની 2,200 ફલેગ સ્ટીક ઉપલબ્ધ છે. જોકે આગામી તિરંગા યાત્રા અને અન્ય કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને આ જથ્થો અપૂરતો હોવાથી વધુ 2.50 લાખ 3 ફૂટની અને 25 હજાર 5 ફૂટની સ્ટીક ખરીદવામાં આવશે.

મનપાએ વર્ષ 2025માં મંજૂર થયેલા દર મુજબ 3 ફૂટની સ્ટીક માટે રૂપિયા 8.20 અને 5 ફૂટની સ્ટીક માટે રૂપિયા 14નો ભાવ નક્કી કર્યો છે. આ પ્રમાણે 3 ફૂટની સ્ટીક પાછળ રૂપિયા 20.50 લાખ અને 5 ફૂટની સ્ટીક પાછળ રૂપિયા 3.50 લાખ ખર્ચાશે.

ખરીદીનું કામ નવદીપ એન્ટરપ્રાઈઝ, રેવા એન્ટરપ્રાઈઝ અને વી.ડી. કન્સ્ટ્રકશન એન્ડ હોર્ટીકલ્ચરને સરખા હિસ્સે સોંપાશે. રાજ્ય સરકાર તરફથી મળનારા રાષ્ટ્રધ્વજની સંખ્યામાં ફેરફાર થાય તો ખરીદીના જથ્થામાં વધારો-ઘટાડો કરવાની જોગવાઈ પણ રાખવામાં આવી છે.